# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**DATE: 20/06/2026** **EVENING: 7.50 TO 8.00 PM**

**DAY: SATURDAY** **NATIONAL NEWS**

## આકાશવાણી સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

*****************************************************

1) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું કે , પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારત સતત શાંતિ, સંવાદ અને સહયોગ માટે એક અવાજ તરીકે ઉભરી આવ્યું છે.
2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 9 કરોડથી વધુ ખેડૂતોને પીએમ-કિસાન યોજનાનો 23મો હપ્તો વિતરીત કર્યો
3) કેન્દ્ર સરકારે તાત્કાલિક અસરથી માનવ ઉપયોગ માટે 16 નિશ્ચિત માત્રાની મિશ્રણની દવાઓના ઉત્પાદન, વેચાણ અને વિતરણ પર પ્રતિબંધ મૂક્યો
4) NEET-UG 2026ની પુનઃપરીક્ષા આવતીકાલે યોજાશે
5) વિશ્વભરમાં આવતીકાલે 12મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી
6) ISSF જુનિયર વર્લ્ડ ચેમ્પિયનશિપ 2026માં ભારતે આજે પાંચ ચંદ્રક જીત્યા

---------------------------------------------------------

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો

# EVE PREZ-ODISHA VISIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વની પ્રશંસા કરતાં કહ્યું કે , તેમના દૂરંદેશી શાસન અને વિશ્વ નેતાઓ સાથે રચનાત્મક જોડાણ દ્વારા વૈશ્વિક મંચ પર ભારતની પ્રતિષ્ઠા અને પ્રભાવ વધાર્યો છે. રાષ્ટ્રપતિએ મોહન ચરણ માઝી સરકારના બે વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે ઓડિશાના મયુરભંજ જિલ્લાના રાયરંગપુરમાં એક જાહેર સભાને સંબોધિત કરી હતી. આ પ્રસંગે પ્રધાનમંત્રી પણ હાજર હતા.

રાષ્ટ્રપતિ મુર્મુએ કહ્યું કે , પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારત સતત શાંતિ, સંવાદ અને સહયોગ માટે એક અવાજ તરીકે ઉભરી આવ્યું છે. તેમણે શ્રી મોદીના રાષ્ટ્રીય સેવા પ્રત્યેના અતૂટ સમર્પણની પ્રશંસા કરતાં વિશ્વાસ વ્યક્ત કર્યો કે , તેમનું નેતૃત્વ ભારતને વધુ સમૃદ્ધિ અને આંતરરાષ્ટ્રીય સ્તરે શ્રેષ્ઠતા તરફ દોરી જશે.

# PM BENGAL-ODISHA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ઓડિશાના મયુરભંજ જિલ્લામાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના પૈતૃક ગામ પહાડપુરની મુલાકાત લીધી હતી. રાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રીએ ઓડિશા સરકારની બે વર્ષની વર્ષગાંઠ નિમિત્તે રાયરંગપુરમાં આયોજિત કાર્યક્રમમાં હાજર રહ્યા હતા જેમાં ઉર્જા, પરિવહન, ઔદ્યોગિક માળખાગત સુવિધાઓ , આરોગ્ય, શિક્ષણ, સિંચાઈ અને પીવાના પાણી સંબંધિત 47,600 કરોડ રૂપિયાથી વધુના વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરવામાં આવ્યો હતો.

## (BYTE: PM ODHISHA)

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે હુગલી જિલ્લાના તારકેશ્વર ખાતે 'પશ્ચિમબંગા દિવસ' ઉજવણીમાં ભાગ લીધો હતો. તેમણે 18 હજાર 880 કરોડ રૂપિયાની પીએમ-કિસાન યોજનાનો 23મો હપ્તો પણ વિતરીત કર્યો હતો , જેનાથી દેશભરના 9.44 કરોડથી વધુ ખેડૂતોને ફાયદો થયો હતો.

### (BYTE: PM HUGLI FASAL BIMA YOJNA)

શ્રી મોદીએ મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારી સાથે રાજ્ય દિવસની ઉજવણી માટે યોજાયેલા ભવ્ય કાર્યક્રમમાં પણ ભાગ લીધો હતો. તેમણે રેલ્વે, કૃષિ, ગ્રામીણ વિકાસ, મત્સ્યઉદ્યોગ અને પશુપાલન ક્ષેત્રોમાં વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ, સમર્પિત અને શિલાન્યાસ પણ કર્યો હતો.

# ANDHRA-PM KISAN INSTALMENT

આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુએ 2026ની ખરીફ સિઝન માટે પ્રધાનમંત્રી કિસાન અન્નદાતા સુખીભાવ યોજના હેઠળ નાણાકીય સહાયના પ્રથમ હપ્તા તરીકે 3 હજાર 125 કરોડ રૂપિયા જારી કર્યા. આ સહાય, પ્રતિ ખેડૂત 7 હજાર રૂપિયાના દરે, આંધ્રપ્રદેશના 46.85 મિલિયનથી વધુ ખેડૂતોના ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવી હતી.

આંધ્રપ્રદેશના પલનાડુ જિલ્લાના લિંગનગુંટલા ગામમાં આજે આયોજિત કાર્યક્રમમાં ભાગ લેતા , મુખ્યમંત્રીએ કૃષિ અને બાગાયતી વિભાગો દ્વારા સ્થાપિત સ્ટોલ્સનું નિરીક્ષણ કર્યું , જેમાં ખેડૂત ઉત્પાદક સંગઠનો, મહિલા સંચાલિત પ્રક્રિયા એકમો , વર્મીકમ્પોસ્ટ ઉત્પાદન અને અન્ય કૃષિ પદ્ધતિઓ દર્શાવવામાં આવી હતી.

# DAY SHAH - KOLHAPUR VISIT

ગૃહમંત્રી અમિત શાહ આજે કોલ્હાપુર અને ઇચલકરંજીની મુલાકાતે છે. તેમણે મહાલક્ષ્મી મંદિર સંકુલમાં વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કર્યું અને કોલ્હાપુરના પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે જાહેર સભાને સંબોધિત કરી.

**(BYTE - AMIT SHAH, HOME MINISTER)**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો . વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/**GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# HEALTH- FDCs BAN

સરકારે તાત્કાલિક અસરથી માનવ ઉપયોગ માટે 16 ફિક્સ્ડ-ડોઝ કોમ્બિનેશન ( FDC) દવાઓના ઉત્પાદન , વેચાણ અને વિતરણ પર પ્રતિબંધ મૂક્યો છે.

ડ્રગ્સ ટેકનિકલ એડવાઇઝરી બોર્ડ દ્વારા સ્થાપિત નિષ્ણાત સમિતિ દ્વારા સર્વોચ્ચ અદાલત દ્વારા નિર્દેશિત સમીક્ષા બાદ આ પગલું લેવામાં આવ્યું છે, જેમાં જાણવા મળ્યું છે કે , દવાના સંયોજનોમાં ઉપચારાત્મક વાજબીપણું નથી અને તે સ્વાસ્થ્ય માટે જોખમી હોઈ શકે છે. પ્રતિબંધિત દવાઓમાં ત્વચા, દુખાવા અને શરીરના દુખાવાની સારવાર અને ચોક્કસ એન્ટિબાયોટિક્સનો સમાવેશ થાય છે.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે જણાવ્યું હતું કે , આ કાર્યવાહીનો હેતુ ફક્ત સલામત , અસરકારક અને વૈજ્ઞાનિક રીતે માન્ય દવાઓ ઉપલબ્ધ રહે તે સુનિશ્ચિત કરવાનો છે. રાજ્યના દવા નિયમનકારો અને અમલીકરણ એજન્સીઓને પ્રતિબંધનો કડક અમલ કરવાનો નિર્દેશ આપ્યો છે.

# NTA- EXAM CENTRE

NEET-UG 2026ની આવતીકાલે યોજાનારી પુનઃપરીક્ષાની તૈયારી માટે નેશનલ ટેસ્ટિંગ એજન્સી એ આજે દેશભરમાં મોક ડ્રીલ કરી. આ કવાયતમાં 250 ,000થી વધુ સુરક્ષા કર્મચારીઓ સામેલ છે. તેનો હેતુ પરીક્ષાનું સલામત, ન્યાયી અને સુગમ સંચાલન સુનિશ્ચિત કરવાનો છે. એજન્સી અનુસાર, NEET-UG પુનઃપરીક્ષા ભારતના 551 શહેરોમાં અને વિદેશના 14 શહેરોમાં લેવામાં આવશે,

નેશનલ ટેસ્ટિંગ એજન્સી ( NTA) એ પરીક્ષાના 48 કલાક પહેલા વિનંતી મળ્યા બાદ અબુ ધાબીથી NEET-UG 2026ના ઉમેદવારનું પરીક્ષા કેન્દ્ર નાગપુર બદલી નાખ્યું છે. NTA એ આ સંદર્ભમાં સ્પષ્ટતા જારી કરતાં જણાવ્યું કે તેમની પ્રાથમિકતા એ સુનિશ્ચિત કરવાની છે , કે કોઈ પણ વિદ્યાર્થી વહીવટી કારણોસર પરીક્ષાથી વંચિત ન રહે.

# EVE YOGA DAY

12 માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસ 2026ની આવતી કાલે વૈશ્વિક સ્તરે ઉજવણી કરાશે. જેની થીમ "યોગ ફોર હેલ્ધી એજિંગ" છે , જે સ્વસ્થ, સક્રિય અને ગૌરવપૂર્ણ વૃદ્ધત્વ માટે યોગને આજીવન અભ્યાસ તરીકે અપનાવવાના મહત્વ પર ભાર મૂકે છે.

આંતરરાષ્ટ્રીય યોગ દિવસ 2026નો મુખ્ય કાર્યક્રમ પશ્ચિમ બંગાળના કોલકાતામાં ઐતિહાસિક રેડ રોડ ખાતે યોજાશે જ્યાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સામાન્ય યોગ પ્રોટોકોલના અભ્યાસમાં રાષ્ટ્રનું નેતૃત્વ કરશે. રેડ રોડ ખાતે રાષ્ટ્રીય ઉજવણી સવારે 5:00 વાગ્યે શરૂ થશે, જેમાં સ્થળ પર હજારો યોગ ઉત્સાહીઓ ભાગ લેશે , જ્યારે ભારત અને વિદેશમાંથી લાખો નાગરિકો વર્ચ્યુઅલી જોડાશે તેવી અપેક્ષા છે.

# ISSF JUMIOR WORLDCHAMPIONSHIP

શૂટિંગમાં, ભારતે જર્મનીના સુહલમાં ISSF જુનિયર વર્લ્ડ ચેમ્પિયનશિપ 2026 ના બીજા દિવસે તેના ચંદ્રકની સંખ્યામાં પાંચ વધુ ઉમેરતા કુલ ચંદ્રકની સંખ્યા આઠ થઈ ગઈ. સમીરે 25-મીટર રેપિડ ફાયર પિસ્તોલ મેન્સ જુનિયર ઇવેન્ટમાં સુવર્ણ ચંદ્રક જીત્યો , રોહિત કાન્યાને 50-મીટર રાઇફલ થ્રી પોઝિશન્સ મેન્સ જુનિયર ઇવેન્ટમાં પણ ઉત્કૃષ્ટ પ્રદર્શન સાથે સુવર્ણ ચંદ્રક જીત્યો.

પ્રાચી ગાયકવાડે 50-મીટર રાઇફલ થ્રી પોઝિશન્સ વિમેન્સ જુનિયર ઇવેન્ટમાં રજત ચંદ્રક મેળવ્યો. ભારતે 50-મીટર રાઇફલ થ્રી પોઝિશન્સ મેન્સ જુનિયર ટીમ ઇવેન્ટમાં રોહિત કાન્યાન , વેદાંત નીતિન વાઘમારે અને હિતેશ શ્રીનિવાસન દ્વારા કાંસ્ય ચંદ્રક જીત્યો. ૨૫ મીટરરેપિડ ફાયર પિસ્તોલ મેન્સ જુનિયર ટીમ ઇવેન્ટમાં બીજો કાંસ્યચંદ્રક મળ્યો.

# CRICKET- IND VS AFG

ક્રિકેટમાં, ચેન્નાઈના એમએ ચિદમ્બરમ સ્ટેડિયમ ખાતે ભારતે આજે ત્રીજી અને અંતિમ વનડેમાં, અફઘાનિસ્તાનને 9 વિકેટે હરાવી શ્રેણી3-0 થી જીતી લીધી છે. ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરતાં 218 રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું. 219 રનના લક્ષ્યાંકને ભારતે 28 ઓવર અને 4 બોલમાં માત્ર એક વિકેટ ગુમાવી હાંસલ કર્યો. ભારત તરફથી યશસ્વી જયસવાલે શાનદાર સદી નોંધાવી હતી.

# BRICS NSA MEETING

ભારત સોમવારથી શરૂ થતી બે દિવસીય બ્રિક્સ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારોની બેઠકનું આયોજન કરશે. આ બેઠકની અધ્યક્ષતા રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ કરશે.

વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર , આ બેઠકમાં બ્રિક્સ દેશોના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારો અને પ્રતિનિધિમંડળો ઉભરતા સુરક્ષા પડકારો પર ચર્ચા કરશે. નવી ટેકનોલોજી અને આતંકવાદ સામે લડવા માટેના પગલાં સંબંધિત સુરક્ષા જોખમો પર પણ ચર્ચા કરવામાં આવશે.

# JITENDRA- IND KOREA TALK

ભારત અને દક્ષિણ કોરિયાએ જાહેર વહીવટ અને ડિજિટલ શાસનમાં સહયોગને વધુ ગાઢ બનાવવાની તેમની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ કરી છે. કર્મચારી, જાહેર ફરિયાદ અને પેન્શન મંત્રી ડૉ. જીતેન્દ્ર સિંહે આજે નવી દિલ્હીમાં દક્ષિણ કોરિયાના ગૃહ અને સુરક્ષા મંત્રી યુન હોજુંગ સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરી હતી.

ડિજિટલ શાસન, સરકારમાં ટેકનોલોજીનો સકારાત્મક ઉપયોગ, જાહેર વહીવટ, ક્ષમતા નિર્માણ અને નાગરિક-કેન્દ્રિત સેવા વિતરણ જેવા મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. શ્રી સિંહે માહિતી આપી કે બંને દેશો જાહેર વહીવટ અને સરકારી નવીનતાના ક્ષેત્રમાં સહયોગને પ્રોત્સાહન આપવા માટે સમજૂતી કરારને અંતિમ સ્વરૂપ આપવા અંગે પણ ચર્ચા કરી રહ્યા છે.

# SIKKIM-KAILAS MANSAROVAR YATRA

કૈલાશ માનસરોવર યાત્રા 2026 માટેના યાત્રાળુઓનો પહેલો જથ્થો આજે નાથુ લા પાસ થઈને ચીનમાં પ્રવેશ્યો, જે તેમની આગળની યાત્રાનો પ્રારંભ દર્શાવે છે. સિક્કિમના રાજ્યપાલ ઓમ પ્રકાશ માથુરે પ્રવાસન મંત્રી શેરિંગ થેન્ડુપ ભૂટિયાની હાજરીમાં આ ટુકડીને લીલી ઝંડી આપી હતી.

આ સમૂહમાં 41 યાત્રાળુઓ અને બે સંપર્ક અધિકારીઓ અને એક તબીબી અધિકારી સહિત ચાર સહાયક સ્ટાફ સહિત કુલ 47 સંખ્યા થઈ ગઈ છે.